તાત્કાલિક/સમય મર્યાદા

ક્રમાંક : ઉમબ/ઉમા.૧/પ્રવાસી શિક્ષક/૨૦૧૬/ 8577-8611
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો. જી. મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.૧૫-૧૦-૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :- પ્રવાસી શિક્ષકની નિમણુક અને પગાર અંગે.

સંદર્ભ :- ૧. શિ.વિ.ના તા. ૨૧-૧૨-૧૫ ના ઠરાવ ક્રમાંક બમશ/૧૦૧૪/૧૪૦/ગ.
૨. શિ.વિ.નાતા. ૨૦-૧-૧૬ ના ઠરાવ ક્રમાંક ઉમશ/૧૨૧૪/૨૧૩/ગ.૧
૩.આ કચેરીના તા.૧૬-૬-૧૬ ના પરિપત્ર ક્રમાંક ઉમબ/ઉમા.૧/પ્રવાસીશિક્ષક/ ૪૬૯૧-૪૭૨૪

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનુ કે, શિક્ષણ વિભાગના તા. ૨૧-૧૨-૧૫ ના ઠરાવથી જ્યાં સુધી નિયમિત શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી, બિન-સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રવાસી શિક્ષકોની સેવા લેવાનુ ઠરાવવામાં આવેલ છે. અને આ અંગે શિક્ષણ વિભાગના તા. ૨૦-૧-૨૦૧૬ તથા આ કચેરીના તા.૧૬-૬ -૧૬ના પરિપત્ર થી વિગતવાર સુચનાઓ પણ આપવામાં આવેલ છે.

પ્રવાસી શિક્ષકોની નિમણુક બાબતે અને તેના પગાર બાબતે ઘણા જીલ્લામાં સમયસર મંજુરી આપવામાં આવતી નથી તેવી રજુઆત અત્રે મળેલ છે અને આથી પ્રવાસી શિક્ષક નિમણુક માટે નીચે મુજબ ની કાર્યપધ્ધતિ અપનાવવા માટે આપના જીલ્લાની તમામ શાળાઓને જાણ કરી , કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે.

<u>પ્રવાસી શિક્ષકની નિમણુક માટેની કાર્ય પધ્ધતિ</u> :- પ્રવાસી શિક્ષક માટે શાળા નિમણુક કરે ત્યારથી પગાર ચૂકવવો પણ શાળાએ નિમણુક પછી દિન-૭ માં પ્રવાસી શિક્ષકની નિમણુક અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજુરી મેળવી લેવા માટે દરખાસ્ત કરવાની રહેશે. જિ.શિ.અધિ.શ્રી તરફથી સદરહુ પ્રવાસી શિક્ષકોને સમયસર મહેનતાણુ મળી રહે તેની કાળજી રાખવાની રહેશે.

આ સુચનાનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨, ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ થવા સારુ....
સંયુકત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક શાખા, સદર કચેરી તરફ.....